# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રીએ વારાણસીમાં ત્રણ હજાર 38 કરોડ રૂપિયાની પરિયોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ચેન્નાઇમાં AIADMKના મહાસચિવ અને પૂર્વ મુખ્યમંત્રી એ કે. પલાનીસ્વામી સહિતનાં વરિષ્ઠ નેતાઓને મળશે.
3) 2024ના અંતિમ છ મહિનામાં ભારતમાં મોબાઇલ ફોન દ્વારા ચૂકવણી 30 ટકા વધીને 197 અબજ 69 લાખ કરોડ રૂપિયા થઈ
4) યુરોપિયન યુનિયને અમેરિકા દ્વારા ટેરિફ લાદવાનાં નિર્ણય સામે વળતાં પગલાંનો અમલ 90 દિવસ માટે અટકાવ્યો
5) આઇપીએલમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

..........................................................................

(હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- VARANASI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસીના મહેદીગંજમાં ત્રણ હજાર 880 કરોડ રૂપિયાથી વધુની 44 પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પરિયોજનાઓમાં માર્ગ, માળખાગત વિકાસ, વીજળી, શિક્ષણ અને પ્રવાસનનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ પોતાનાં મતવિસ્તારની 50મી મુલાકાત દરમિયાન એક જાહેર સભાને સંબોધતા શહેરના ઝડપી વિકાસ પર પ્રકાશ પાડતા કહ્યું કે કાશી હવે માત્ર પ્રાચીનતાનું પ્રતીક નથી રહ્યું પરંતુ તે ગતિશીલતાનું પણ પ્રતિક બની ગયું છે. તેમણે પ્રાચીન કાશીને આધુનિક શહેરી કેન્દ્ર બનાવવનાર માળખાકીય સુવિધાઓ, ધાર્મિક પ્રવાસન અને નાગરિક સુવિધાઓની પ્રશંસા કરી હતી.

(BYTE PM DEVELOPMENT)

પ્રધાનમંત્રીએ 70 વર્ષથી વધુ ઉંમરના ત્રણ વરિષ્ઠ નાગરિકોને આયુષ્માન કાર્ડ સુપ્રત કર્યા હતા. શ્રી મોદીએ ભૌગોલિક સંકેતો-જીઆઇ માટેનાં પ્રમાણપત્રો પણ સોંપ્યા હતા.

(BYTE PM GI TAG)

પૂર્વ ઉત્તરપ્રદેશમાં થયેલા પરિવર્તનને ટાંકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, એક સમયે પૂર્વાંચલ અપૂરતી આરોગ્યસંભાળ સુવિધાથી પીડાતું હતું, પણ આજે કાશી તેની આરોગ્ય રાજધાની તરીકે ઊપસી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ ગુજરાતની બનાસ ડેરી (અમૂલ) સાથે સંકળાયેલા રાજ્યના ડેરી ખેડૂતોને 106 કરોડ રૂપિયાનું બોનસ પણ ટ્રાન્સફર કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# PM- DELHI AYUSHMAAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પ્રધાનમંત્રી આયુષ્માન ભારત આરોગ્ય માળખાગત મિશન લાગુ કરવા માટે દિલ્હી સરકારની પ્રશંસા કરી છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ સોશિયલ મીડિયા ઉપર કરેલી પોસ્ટનો જવાબ આપતા શ્રી મોદીએ કહ્યું કે દિલ્હીના આરોગ્ય ક્ષેત્ર સાથે સંબંધિત આ એક ક્રાંતિકારી પગલું છે. આ યોજના દિલ્હીના લાખો નાગરિકો માટે ફાયદાકારક બનશે તેમ તેમણે કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# PM-PHULE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સમાજ સુધારક મહાત્મા જ્યોતિબા ફુલેને તેમની જન્મ જયંતિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે જ્યોતિબા ફુલે માનવતાના સાચા સેવક હતા અને તેમણે સમાજના પીડિત અને વંચિત વર્ગના કલ્યાણ માટે પોતાનું

જીવન સમર્પિત કર્યું હતું. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે દેશ પ્રત્યે તેમનું અમૂલ્ય યોગદાન દરેક પેઢીને પ્રેરણા આપતું રહેશે.

. . . . . . . . . . . . . . . .

# PRESIDENT SLOVAKIA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની સ્લોવાકિયાની મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. રાષ્ટ્રપતિએ સ્લોવાક રિપબ્લિકના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરીને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી હતી જે દરમિયાન બે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિને નાઇટ્રા સ્થિત કોન્સ્ટેન્ટાઇન ધ ફિલોસોફર યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભારતીય સમુદાયના લોકોને પણ મળ્યા હતા. તેમણે સ્લોવાકિયા - ભારત બિઝનેસ ફોરમને પણ સંબોધન કર્યું.

રાષ્ટ્રપતિની આ મુલાકાતથી બંને દેશો વચ્ચે ઓટોમોટિવથી લઈને સ્ટીલ, રેલ્વે, બાયોફ્યુઅલ, પર્યટન અને સર્જનાત્મક કલા જેવા ક્ષેત્રોમાં નવી તકોને વધુ વેગ મળશે.

. . . . . . . . . . . . . . . .

# AMIT SHAH CHENNAI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સવારે ચેન્નાઈ પહોંચ્યા. તેમની મુલાકાતનો ઉદ્દેશ તમિલનાડુ વિધાનસભાની ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી અને એઆઈએડીએમકેના જોડાણને ફરીથી મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરવાનો છે.

શ્રી શાહે આઈએડીએમકેના મહાસચિવ અને પૂર્વ મુખ્યમંત્રી એ.કે.પલાની સ્વામી અને દ્રવિડ પક્ષના વરિષ્ઠ નેતાઓને મળશે. આ ચર્ચાઓ ગઠબંધનને ઔપચારિક બનાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

. . . . . . . . . . . . . . . .

# MOBILE TRANSACTIONS

વર્ષ 2024ના અંતિમ છ મહિનામાં ભારતમાં મોબાઇલ ફોન દ્વારા ચૂકવણી 41 ટકા વધીને 88.54 અબજ થઇ છે, જ્યારે મૂલ્યના સંદર્ભમાં 30 ટકા વધીને 197 અબજ 69 લાખ કરોડ રૂપિયા થઈ છે.

ડિજિટલ ચૂકવણી માળખામાં મજબૂત વૃધ્ધિને કારણે આ વધારો થયો છે. વપરાશકારો દ્વારા મોબાઇલ પરથી યુપીઆઇ ક્યુઆર કોડ પરથી 63.34 કરોડ ચૂકવણી થઈ અને પીઓએસ ટર્મિનલ પરથી થયેલી ચૂકવણી 23 ટકા વધીને એક રકોડ થઈ હતી.

વ્યક્તિ-થી-વ્યક્તિ અને વ્યક્તિ-થી વેપારી એમ બંને કેટેગરીમાં યુપીઆઇ વ્યવહારોમાં તીવ્ર વધારો થયો હતો.

કાર્ડ દ્વારા ચૂકવણી 11 ટકા વધીને 4.1 અબજ થઈ હતી. ક્રેડિટ કાર્ડ દ્વારા ચૂકવણીમાં 36 ટકા વધારો થયો હતો. જો કે ડેબિટ કાર્ડ દ્વારા થયા વ્યવહારોમાં 29 ટકા ઘટાડો થયો હતો.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JAISHANKAR-TECH

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે અમેરિકાએ વિશ્વ સાથે જોડાવાના પોતાના અભિગમમાં મૂળભૂત ફેરફાર કર્યો છે, અને તેના પરિણામો દરેક ક્ષેત્રમાં અનુભવાઈ રહ્યા છે. આજે નવી દિલ્હીમાં ગ્લોબલ ટેક સમિટમાં બોલતા, તેમણે નિર્દેશ કર્યો કે અમેરિકા સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને અમેરિકાને ફરીથી મહાન બનાવવામાં ટેકનોલોજીની મોટી ભૂમિકા છે. તેમણે કહ્યું કે ટેકનોલોજીએ વેપારને રાષ્ટ્રીય સુરક્ષા માટે વધુ સંવેદનશીલ બનાવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# DAY ODISHA AYUSHMAN CARDS

કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડા આજે ઓડિશાના કટકમાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરશે. આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ઉપરાંત, રાજ્ય સરકારની આરોગ્ય યોજના, ગોપબંધુ જન આરોગ્ય યોજના અને વરિષ્ઠ નાગરિકો માટે નવી રજૂ કરાયેલી આયુષ્માન વાયો-વંદના યોજનાને પણ આ પહેલમાં સંકલિત કરવામાં આવશે.

સરકારી સૂત્રોએ જણાવ્યા પ્રમાણે  આ એકીકરણ સાથે, એક કરોડ આઠ લાખ પરિવારોના લગભગ ત્રણ કરોડ બાવન લાખ લોકોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. લાભાર્થીઓને દેશભરની 29 હજારથી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં મફત સારવારની સુવિધા મળશે.

શ્રી નડ્ડા કટકની તેમની મુલાકાત દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલ પોસ્ટગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેડિયાટ્રિક્સના  નવા બિલ્ડિંગનું ઉદ્ઘાટન પણ કરશે. તેઓ AIIMS ભુવનેશ્વર અને સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (CIPET) ની પણ મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . .

# EU PAUSES US COUNTERMEASURES

યુરોપિયન યુનિયને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તમામ દેશો પર ટેરિફ લાદવાનાં નિર્ણય સામે વળતાં પગલાંનો અમલ 90 દિવસ માટે અટકાવી દીધો છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સોશિયલ મીડિયાના માધ્યમથી આ જાહેરાત કરી

હતી. અમેરિકાએ નવા જાહેર કરાયેલા ટેરિફને 90 દિવસ માટે રોક્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

યુરોપિયન યુનિયનમાં સમાવિષ્ટ તમામ દેશોમાં આયાત થનારી 21 અબજ યુરોના મૂલ્યની અમેરિકી વસ્તુઓ પર ટેરિફ લાદવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે યુરોપિયન યુનિયનના 27 સભ્ય દેશોએ બુધવારે અમેરિકા પર દંડ લાદવાનો નિર્ણય લીધો હતો જેમાંથી કેટલાક એપ્રિલના મધ્યથી શરૂ થવાના હતા.

. . . . . . . . . . . . . . . .

# VIRAT KOHLI 1000 FOUR-SIX

વિરાટ કોહલી ઇન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં 1000 ચોગ્ગા અને છગ્ગા ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યા છે. અત્યાર સુધીની તમામ 18 આઇપીએલ સિઝન રમનાર રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂનાં દિગ્ગજ ખેલાડીએ આઇપીએલ 2025ની 24મી મેચ દરમિયાન આ સિદ્ધિ હાંસલ કરી છે.

તેમણે આઇપીએલમાં કુલ 721 ચોગ્ગા અને 280 છગ્ગા માર્યા છે. તેઓ આઇપીએલમાં સૌથી વધુ ચોગ્ગા મારનાર ખેલાડી બન્યા છે અને

છગ્ગા લગાવવામાં ક્રિસ ગેઇલ અને રોહિત શર્મા પછી ત્રીજા સ્થાને છે. ક્રિસ ગેઇલે 357 અને રોહિત શર્માએ 282 છગ્ગા માર્યા છે.

. . . . . . . . . . . . . . . .

## IPL

આઇપીએલમાં આજે, ચેન્નાઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 6 વિકેટે હરાવ્યું હતું.

એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં બેંગલુરુના ૧૬૪ રનના લક્ષ્યાંકના જવાબમાં, દિલ્હી કેપિટલ્સે ૧૭ ઓવર અને પાંચ બોલમાં ૪ વિકેટે ૧૬૯ રન બનાવ્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON ASIA C'SHIPS

બેડમિન્ટનમાં, ચીનના નિંગબોમાં રમાઈ રહેલી એશિયા ચેમ્પિયનશિપમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રેસ્ટો મિક્સ્ડ ડબલ્સ ક્વાર્ટર ફાઇનલમાં હારતા ભારતનું અભિયાન  સમાપ્ત થયું.

હોંગકોંગના તાંગ ચુન મેન અને ત્સે યીંગ સુટે ભારતીય જોડીને બે સીધા સેટમાં હરાવી. સ્પર્ધામાં અન્ય તમામ ભારતીય શટલર અગાઉના રાઉન્ડમાં હારી ચૂક્યા છે.

. . . . . . . . . . . . . . . .